## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




# પાટનગરમાં "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણી વિશેષ મહત્ત્વ હોય છે

ગાંધીનગર, તા. ૨૯

આગામી તા. ૨૧મી જુને વિશ્વ યોગ દિવસની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવાની તૈયારીઓ સરકાર દ્વારા શરૂ કરી દેવાઈ છે. વિશ્વભરમાં ભારતને નામના અપાવનાર "યોગ દિવસ"ની ઉજવણી ગાંધીનગરમાં વિશેષ રીતે કરવામાં આવે છે જેમાં શહેરની અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ તેમજ સરકારી એકમો જોડાય છે. આમ પણ પાટનગર એ સ્વાસ્થ્યપ્રેમી નાગરિકોની બહોળા પ્રમાણમાં સંખ્યા ધરાવતુ શહેર છે અને આ શહેરમાં યોગગુરૂઓ પણ મોટી સંખ્યામાં જોવા મળે છે. વિશ્વ યોગ દિવસની ઉજવણી પણ સ્વર્ણિમ પાર્કમાં વિશેષ રીતે કરવામાં આવે છે.

પાટનગરનું નૈસર્ગિક સૌંદર્ય અને બાગ-બગીચાઓની સુવિધા નાગરિકો માટે પ્રાણાયામ-યોગ કરવા માટે પરફેક્ટ વાતાવરણ પુરૂ પાડે છે. દરેક સેક્ટર ઉપરાંત સ્વર્ણિમ પાર્ક, પુનિતવન, ઈન્દ્રોડા પાર્ક, સરિતાઉદ્યાન, બાલોઉદ્યાન જેવા વિશાળ બગીચાઓને કારણે નાગરિકોને અન્ય કોઈને ડિસ્ટર્બ કર્યા વગર જ યોગ કરવાનો પુરતો અવકાશ આપે છે પછી ભલે તે વ્યક્તિગત રીતે યોગ-પ્રાણાયામ કરવા હોય અથવા ગૃપમાં યોગ શિબિર કરવી હોય. વળી, શહેરમાં યોગ-પ્રાણાયામ શિખવાડતા યોગ ગુરૂઓની સંખ્યા પણ મોટા પ્રમાણમાં હોવાથી ઠેરઠેર યોગ શિબિર અથવા નિઃશુલ્ક યોગ પ્રાણાયામ કેમ્પના આયોજન થતા હોય છે. આ ઉપરાંત હવે તો પ્રોફેશ્નલ ધોરણે પણ શહેરમાં યોગાભ્યાસ કરાવતા કેન્દ્રો પણ શરૂ થઈ જવા પામ્યા છે તેથી શહેરમાં યોગ દિવસ ભવ્ય રીતે ઉજવાશે તેમાં બેમત નથી.

# ફાયર સેફટીના મામલે વધુ ૧૯ બિલ્ડીંગોને નોટીસ આપવામાં આવી

### સે-૭ ના રહેણાંક વિસ્તારમાં ધાબે ધમધમતા રસોડાના શેડને પણ તોડી નાંખવામાં આવ્યો

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં ફાયર સેફટીના મામલે તમામ બિલ્ડીંગો તેમજ ટયુશનના વર્ગો સહીત શૈક્ષણિક સંકુલોમાં પણ તપાસ કરવામાં આવી રહી છે. જયારે ફાયર સેફટીની સુવિધાઓનો અભાવ હોય તેમજ એન ઓ સી ન મેળવ્યુ હોય તેવા કિસ્સામાં તંત્ર દ્વારા નોટીસ આપી જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે પણ સુચના આપવામાં આવે છે.આજે પણ સે-૭ માં એક રહેણાંક બિલ્ડીંગના ધાબે ધમધમતા હોસ્ટેલ કીચનના શેડને તોડી નાંખવમાં આવ્યો હતો. જયારે વધુ ૯ હોસ્ટેલો તેમજ ૧૦ ઈમારતોને પણ ફાયર સેફટીના મામલે નોટીસ આપવામાં આવી હતી.

સુરતની ઘટના બાદ ફાયર સેફટીના મામલે પાટનગરમાં પણ અત્યાર સુધી દિવા તળે અંધારુ હોય તેમ સ્પષ્ટ થયુ છે. શહેરના ખાનગી તેમજ સરકારી બિલ્ડીંગોમાં ફાયર સેફટીના નામે મીંડુ ચિતરાયેલુ હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. હાલ તંત્રની ટીમ દ્વારા સ્થળ નિરિક્ષણ કરીને નોટીસ આપવાનો સિલસિલો જારી છે. પરંતુ અત્યાર સુધી આ મામલે કોઈપણ પ્રકારની સ્થળ તપાસ થઈ ન હોવાનુ પણ સ્પષ્ટ થતા સુરતની ઘટના બાદ સફાળા જાગેલા તંત્રએ આ ઝુંબેશ હાથ ધરી છે. ત્યારે અત્યાર સુધી આ મામલે જનસલામતી રામભરોસે હોવાનો સુર પણ પ્રબુધ્ધ નાગરિકો ઉઠાવી રહ્યા છે. ખેર એ જે હોય તે પરંતુ શહેરમાં ફાયર સેફટીના મામલે રોજબરોજ તપાસ માટે નિકળતી તંત્રની ટીમે આજે પણ ૯ હોસ્ટેલના એકમો તેમજ ૧૦ અન્ય ઈમારતોને પણ નોટીસ આપી છે. શહેર તેમજ જિલ્લાની શાળા કોલેજોમાં પણ આ મામલે અગાઉ નોટીસ આપવામાં આવી છે. જયારે જરૂરી સાધનો હોવાછતા પણ ફાયર સેફટી મામલે એન ઓ સી ન મેળવ્યુ હોય તેવા સંકુલોને પણ આગામી સાત દિવસમાં જરૂરી કાર્યવાહી કરવા માટે પણ સુચના આપી દેવામા આવી છે. આજે સે-૭ માં તંત્રની ટીમે એક ખાનગી મકાનના ધાબે ધમધમતા હોસ્ટેલના કિચન શેડને પણ તોડી નાંખ્યો હતો.

# મોદી મંત્રીમંડળમાં ગુજરાતમાંથી કોણ કોણ ?

ગાંધીનગર,તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ મેના સાંજે ૭ વાગ્યે શપથગ્રહણ કરશે, તેમજ તેમની સાથે પ્રધાનમંડળ પણ શપથગ્રહણ કરશે. આ પ્રધાનમંડળમાં ગુજરાતના કેટલાક સાંસદોને સ્થાન મળશે, તે અંગે આજે સવારથી ચર્ચાએ જોર પકડ્યું છે. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગુજરાતના ત્રણ સાંસદોને કેબિનેટમાં સ્થાન મળી શકે છે.

લોકસભાની ગાંધીનગર બેઠક પરથી ચૂંટણી લડેલા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ તમામ રેકોર્ડ તોડીને વિક્રમજનક ૫,૫૭,૦૧૪ મતોની લીડ સાથે જીત્યા છે. ત્યારે અમિત શાહને કેબિનટમાં સ્થાન તો મળશે. મોટાભાગે તેમને ગૃહપ્રધાન બનાવવામાં આવશે તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

નવસારી બેઠક પરથી સી. આર. પાટીલ ૬,૮૯,૬૬૮ મતોની જંગી લીડથી જીત્યા હતા. તેમને કેન્દ્રિય પ્રધાન બનાવવામાં આવે તેવી ધારણા સેવાઈ રહી છે. તેમજ રાજકોટ બેઠક પરથી મોહન કુંડારિયા ૩,૬૮,૪૦૭ મતની સરસાઈથી જીત્યા હતા. તેમને પણ કેન્દ્રીય પ્રધાન બનાવવામાં આવી શકે તેવી શક્યતા છે. નવા પ્રધાનમંડળમાં ગુજરાતના પરષોત્તમ રૂપાલા, જસવંતસિંહ ભાભોર અને મનસુખ માંડવિયા કપાશે તેવી ચર્ચાઓએ વેગ પકડ્યું છે.

# સિવિલ હોસ્પિટલનું સર્જીકલ ઓપરેશન થીયેટર પાણી પાણી..!!!

### પાણી લિકેજના કારણે દસેક જેટલાં ઓપરેશન મુલત્વી રખાયા : અગાઉ પણ આ પ્રકારની સમસ્યા બની છે પરંતુ ફોલ્ટ પકડાતો નથી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરમાં સિવિલ હોસ્પિટલમાં વિચિત્ર ઘટના સર્જાઈ હતી જેમાં હોસ્પિટલના ઈન્ડોર બિલ્ડીંગના ત્રીજા માળે આવેલા સર્જીકલ ઓપરેશન થીયેટરમાં પાણી ભરાઈ જતા અંદાજે ૧૦ જેટલાં ઓપરેશન મલત્વી રાખવા પડ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સિવિલ હોસ્પિટલમાં અગાઉ પણ આ પ્રકારની ઘનટાઓ બની ચુકી છે અને આ વખતે તો સિવિલ સુપ્રિટેન્ડન્ટ જે વિભાગના વડા છે તેજ વિભાગનું ઓપરેશન થીયેટર જ પાણી પાણી થઈ જતાં તેની સજા દર્દીઓને ભોગવવાની આવી હતી.



પાટનગરની સિવિલ હોસ્પિટલમાં નવી ૮ માળની ઈન્ડોર બિલ્ડીંગ બનાવાઈ છે પરંતુ આ બિલ્ડીંગમાં વારંવાર પાણી લિકેજ થવાની ઘટના સર્જાય છે જેનું સત્તાધીશો હજુ નિરાકરણ લાવી શક્યાં નથી. અગાઉ લીફટમાં તો ક્યારેક વોર્ડમાં પાણી ભરાવાની સમસ્યા જોવા મળી હતી જ્યારે આજે તો સર્જીકલ ઓપરેશન થીયેટરમાં પાણી ભરાતા આશરે દસેક દર્દીના ઓપરેશન મુલત્વી રાખવા પડ્યાં હોય તેવુ સુત્રો દ્વારા જાણવા મળ્યુ છે. ત્રીજા માળે સર્જીકલ વિભાગ આવેલો છે જ્યાં ઓપરેશન થીયેટરમાં ૩ થી ૪ ઈંચ સુધીનું પાણી ભરાઈ જવા પામ્યું હતું પરંતુ તે પાણી ક્યાંથી લિકેજ થવા પામ્યું તે શોધવા સિવિલનું તંત્ર મથામણે ચઢ્યું હતુ.

પાણીના ભરાવાને કારણે તે વિભાગમાં લગાડાયેલા આધુનિક ઉપકરણોને બચાવવા પણ સ્ટાફે જહેમત ઉઠાવવી પડી હતી. સિવિલ હોસ્પિટલમાં વારંવાર સર્જાતી પાણી લિકેજની ઘટનામાં પાણીનો તો બગાડ થાય જ છે પરંતુ સાથે સાથે દર્દીઓને પણ મુશ્કેલીમાં મુકાવુ પડે છે એટલે હવે આ સમસ્યાનું સત્વરે નિરાકરણ લાવવામાં આવે તેવી માંગ ચોતરફ ઉઠવા પામી છે.

# ગાંધીનગરમાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવાની તૈયારી

ગાંધીનગર,તા.૨૮

જીવનશૈલીમાં યોગના સંમિલન સાથે શરીર અને મનના આરોગ્યના સંવર્ધન માટે જયારે ભારતીય યોગ પરંપરાને આંતરરાષ્ટ્રિય યોગ દિનની ઉજવણી દ્વારા વૈશ્વિક સ્વીકૃતિ મળી છે ત્યારે આ જ સ્વીકૃતિને વધુ વ્યાપક અને સર્વસમાવેશક બનાવવાના હેતુ સાથે છેલ્લા ૪ વર્ષથી ૨૧મી જૂનના રોજ ઉજવાઈ રહેલા આંતરરાષ્ટ્રીય યોગ દિનની આ વર્ષે પણ સમગ્ર દેશ સાથે ગુજરાતમાં ભવ્ય ઉજવણી થનાર છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને અને યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજયમંત્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે આગામી ૨૧ મી જૂનના રોજ વિશ્વ યોગ દિનની ભવ્ય ઉજવણી માટે આયોજન બેઠક યોજાઈ હતી. ચુડાસમાએ એવી આશા વ્યકત કરી હતી કે, ૨૧મી જૂન વિશ્વ યોગ દિન છેલ્લા ૪ વર્ષની જેમ સતત પાંચમા વર્ષે પણ સમગ્ર રાજયમાં સામૂહિક રીતે ઉજવાશે. એટલું જ નહીં પાંચમા વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં રાજ્યની તમામ ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક સંસ્થાઓ તથા એન.જી.ઓ.ની મદદથી નાગરિકોને સાથે લઈને વધુને વધુ વ્યકિતઓને યોગ દિવસની ઉજવણીમાં આવરી લેવાનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ યોજવાનું આયોજન થઈ રહ્યું છે. યોગ પરંપરાને આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસોથી મળેલી વૈશ્વિક સ્વીકૃતિનો ગૌરવભેર ઉલ્લેખ કરતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આપણા સૌના માટે આ ગૌરવનો વિષય છે. એક સમયે યોગ ચોકકસ ધર્મ અને દેશ પૂરતો મર્યાદિત હોવાના ખ્યાલને બદલે આજે સર્વધર્મ અને તમામ દેશોની પરંપરા બની ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૪માં યુનોમાં યોગની પરંપરાને સ્વીકૃતિ અપાવતા આજે વિશ્વના અનેક રાષ્ટ્રો ૨૧મી જૂનને વિશ્વયોગ દિન તરીકે ઉજવતા આવ્યા છે તે આપણા સૌના માટે ગૌરવની બાબત છે. ચુડાસમાએ જણાવ્યું હતું કે, અગાઉના ચાર વિશ્વયોગ દિનની ઉજવણીની જેમ આગામી ૨૧ મી જૂનના રોજ ઉજવાનાર પંચમો વિશ્વયોગ દિવસ એથી પણ વધુ ભવ્ય રીતે ઉજવાય એ રીતે રાજય સરકાર દ્વારા આયોજન કરાયું છે. જે અંતર્ગત આજની બેઠકમાં અમલલક્ષી સંકલન સમિતિની રચના કરવામાં આવી હતી. રાજ્યકક્ષા, જિલ્લાકક્ષા અને તાલુકાકક્ષાએ આ સંકલન સમિતિ વિશ્વ યોગ દિવસની ઉજવણીનું સંચાલન કરશે. જે માટે દરેક સમિતિમાં અધિકારીઓને અધ્યક્ષ તથા સભ્યો બનાવી સુચારૂ આયોજન કરાશે. આજની આ બેઠકમાં જાહેરસ્થાનની પસંદગી અને સ્થળદીઠ પ્રશિક્ષકોની સંખ્યા નક્કી કરવા ઉપરાંત વિશ્વ યોગ દિનને વધુમાં વધુ કેવી રીતે સફળ બનાવી શકાય તે સહિતના એકશન પ્લાન સાથેની ચર્ચા કરવામાં આવી હતી.







ઉનાળુ વેકેશનનો સમય ચાલી રહ્યો છે અને બાળકો વેકેશનમાં એકઠાં થઈ વિવિધ રમતો રમવાનો ભરપૂર આનંદ માણી રહ્યાં છે. જોકે શ્રમજીવી પરિવારોના ઝુંપડપટ્ટીમાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના બાળકો જ્યાં બે ટંકનુ ભોજન પણ નસીબ થશે કે નહી તે નક્કી ના હોય ત્યારે રમવા માટે રમકડાં મળશે તેવું તો વિચારી પણ ના શકે ને ? આવા બાળકોને શહેરના કેટલાક સેવાભાવી પરિવાર તરફથી રમકડાનું વિતરણ કરાયું હતું તે પણ તે પરિવારોના બાળકોના હસ્તે એટલે બાળકોએ બીજા બાળકોને રમકડાં આપીને તેમના ચહેરાં પર સ્મિત રેલાવવાનું સદકાર્ય કરવાનો આ વેકેશનમાં આનંદ માણ્યો હતો.

# આગામી ચૂંટણીમાં કોંગ્રેસના સારા દેખાવની કાર્યકરોએ ખાતરી આપી

ગાંધીનગર, તા. ૨૯

ગત તારીખ ૨૩મી મે ના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણીના પરીણામો જાહેર થયા હતા. જે પરીણામો કોંગ્રેસ પક્ષની અપેક્ષા મુજબના નહોતા. આ પરીણામો પછી દિલ્હી ખાતે કોંગ્રેસ વર્કિંગ કમિટિ (ઝઉઝ)ની મિટિંગ યોજાઇ હતી. સદર મિટિંગમા કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણીમા હારની જવાબદારી પોતાના શીરે લઇ રાષ્ટ્રીય અધ્યક્ષપદેથી રાજીનામુ આપી દીધુ હતુ. જેને કોંગ્રેસ વર્કિંગ કમિટીના તમામ સદસ્યોએ રાહુલ ગાંધીના અધ્યક્ષપદેથી આપેલ રાજીનામાનો અસ્વિકાર કર્યો હતો તેમજ રાહુલજીને કોંગ્રેસ અધ્યક્ષ તરીકે ચાલુ રહેવા માટે વિનંતી કરી છે.

સદર ઘટનાક્રમને અનુલક્ષીને આજરોજ તા.૨૯-૫-૨૦૧૯ના રોજ ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભીની આગેવાનીમા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ તેમજ ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના સયુક્ત ઉપક્રમે પ્રદર્શન યોજી રાહુલ ગાંધીને કોંગ્રેસ પક્ષના અધ્યક્ષ તરીકે ચાલુ રહી આવનારા સમયમા કોંગ્રેસ પક્ષને માર્ગદર્શન આપી વધુ મજબુત બનાવવા માટે તેમજ આગામી સમયમા યોજાનાર ચૂંટણીઓમા વધુ સારુ પ્રદર્શન કરવાની નેમ વ્યક્ત કરી છે. સદર કાર્યક્રમમા પ્રદેશ મહામંત્રી નિશિતભાઇ વ્યાસ, શહેર પ્રમુખ ડૉ. કૌશિકભાઇ શાહ, શૈલેન્દ્રસિંહ બિહોલા, જીતેંદ્રસિંહ સોલંકી, લલિતાબેન ઠાકોર, રાજેંદ્રસિંહ ચાવડા, તેજાભાઇ દેશાઇ, ખુમાનસિંહ રાણા સહીત મોટી સંખ્યામાં જિલ્લા કોંગ્રેસ તેમજ શહેર કોંગ્રેસના કાર્યકરો-આગેવાનો ઉપસ્થીત રહ્યા હતા.




# મારા ૩૬ કટકા થશે તો પણ હું 'કમલમ' તરફ નહીં જાઉં : વિક્રમ માડમ

અમદાવાદ,તા.૨૯

આગામી દિવસોમાં રાજ્યસભાની ખાલી પડી થનારી બે બેઠકો જીતવા ભાજપ કોંગ્રેસના ધારાસભ્યોને તોડશે તેવી અટકળો વહેતી થઈ છે. રાજ્યમાંથી ૧૦ ધારાસભ્યો ભાજપના સંપર્કમાં હોવાની વાત બહાર આવી છે જેમાં એક નામ કોંગ્રેસના જામ ખંભાળીયાના ધારાસભ્ય વિક્રમ માડમનું નામ પણ બહાર આવ્યું હતું. જોકે, આ વાતને રદીયો આપતા વિક્રમ માડમે જણાવ્યું હતું કે મારા ૩૬ કટકા થઈ જશે તો પણ હું કમલમ તરફ નહીં જાવ

લોકસભાની ચૂંટણી બાદ અમેઠીથી જીતેલા સ્મૃતિ ઈરાની અને ગાંધીનગરથી વિજયી થયેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે રાજ્યસભાના સાંસદ તરીકે રાજીનામું આપશે. આ સ્થિતિમાં રાજ્યમાં ખાલી બે બેઠકો પર ફરી ચૂંટણી થશે. આ બેઠકો પર ૬૦ ધારાસભ્યો મળીને એક સાંસદ ચૂંટી શકે એમ હોય ત્યારે બંને બેઠકો પર વિજયી થવા માટે ભાજપે ગેમ પ્લાન તૈયાર કર્યો છે.

આ પ્લાન મુજબ કોંગ્રેસના ૮-૧૦ ધારાસભ્યોને ભાજપમાં ભેળવવાની કવાયત હાથ ધરાઈ છે.

# લો કરો વાત... સિવિલ હોસ્પિટલ પાસે પણ ફાયર એનઓસી નથી..!!!

સુરતમાં ગત ૨૪ તારીખે સર્જાયેલી કમનસીબ ઘટના બાદ સરકારીતંત્ર સફાળુ જાગ્યું છે અને રાજ્યભરમાં ફાયરસેફ્ટી અંગે ચકાસણીઓના દૌર સાથે કડક પગલાં ભરવામાં આવી રહ્યાં છે. ગાંધીનગરમાં પણ ઠેર ઠેર આ પ્રકારની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે પરંતુ આશ્ચર્યજનક રીતે પાટનગરની સિવિલ હોસ્પિટલનું તંત્ર આ બાબતે આંખ આડા કાન કરી રહ્યું હોય તેવુ ફલિત થઈ રહ્યું છે. ગાંધીનગરની સિવિલ હોસ્પિટલને ફાયરસેફ્ટીનું પ્રમાણપત્ર જ મળ્યુ નથી. વળી, એનઓસી વગરની સિવિલ હોસ્પિટલમાં ફાયરસેફ્ટીના સાધનોની ચકાસણી પણ કરવામાં આવી નથી.

પાટનગરમાં સિવિલ હોસ્પિટલમાં સેંકડો દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે અને રોજના હજારો મુલાકાતીઓ સિવિલ હોસ્પિટલમાં આવી રહ્યાં છે. સિવિલ હોસ્પિટલમાં અગ્નિશામક સાધનો મોજુદ છે પરંતુ આ સાધનોની ચકાસણી થઈ નથી અને ફાયરસેફ્ટીનુ એનઓસી પણ લેવામાં આવ્યુ નથી. સુરતના અગ્નિકાંડ જેવી દેશભરમાં ચર્ચાનો વિષય બનેલી ઘટના ઘટી હોવા છતાં સિવિલ હોસ્પિટલના તંત્રને ફાયર એનઓસી લેવાની જાણે જરૂરિયાત પણ લાગતી નથી. સુત્રો પાસેથી મળેલ માહિતીના આધારે સિવિલ હોસ્પિટલ છેલ્લા એક વર્ષથી આ અગ્નિશામક સાધનોની ચકાસણી કરવામાં આવી નથી અને ફાયરસેફ્ટી માટે વોટરલાઈન પણ કાટ ખાઈ જવા પામી છે. આ સાથે સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં નવી બિલ્ડીંગ, મેડિકલ કોલેજ તેમજ ઓડિટોરિયમ વગેરે સહિતની ઈમારતોમાં પણ ફાયરસેફ્ટી અંગે પ્રશ્નો ઉભા થવા પામ્યા છે.

# ફાયર સેફ્ટીનું એનઓસી ધરાવતા ક્લાસીસ ચાલુ કરી શકાશે : પોલીસ કમિશનર

અમદાવાદ શહેર પોલિસ કમિશનર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અંતર્ગત ફાયર સેફ્ટીનું એનઓસી ધરાવતા ક્લાસીસને ચાલુ રાખવામાં આવશે. એટલે કે જેની પાસે એનઓસી છે તે લોકો પોતાના ક્લાસીસ હવેથી ચાલુ રાખી શકશે. પરંતુ સૌથી મહત્વની વાત એ કરવામાં આવી છે કે આ તમામ ટ્યુશન ક્લાસીસ પર પોલિસની નજર રહેશે. આ પહેલાં પોલીસ કમિશનર દ્વારા ૨૩ જુલાઈ સુધી ક્લાસીસ બંધ રાખવા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું.

# મેડિકલ તેમજ ઈજનેરમાં ચાલુ વર્ષથી EBCના આધારે પ્રવેશ

ગાંધીનગર,તા. ૨૯

કેન્દ્ર સરકાર દ્વારા આર્થિક રીતે નબળા સવર્ણોને શિક્ષણ તેમજ નોકરીમાં ૧૦ટકા અનામત આપવાની જાહેરાત કરી અને સંસદમાં અને રાજયસભામાં કાયદો પસાર કર્યો હતો. જેને પગલે આજે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, આગામી સત્રાથી જ રાજયની તમામ સરકારી અને ખાનગી કોલેજના મેડિકલ અને એન્જિનિયરીંગ જેવા ઉચ્ચ અભ્યાસોમાં ૧૦ ટકા ઈબીસીનો અમલ થશે. સરકારની આ મોટી જાહેરાતને પગલે આર્થિક રીતે નબળા સવર્ણ વિદ્યાર્થીઓને અભ્યાસમાં હવે ઘણો ફાયદો થશે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે, ગત તા. ૩-૧-૨૦૧૯ના રોજ સરકારે બિન અનામત જ્ઞાતિઓને આર્થિક અનામત આપવાનો કાયદો પસાર કર્યો અને તેને અમલમાં મૂકી દીધો છે અને ચાલી રહેલી સરકારી ભરતીમાં ૧૦ટકા આર્થિક અનામતનો લાભ આપવાની શરૂઆત થઈ ગઈ છે. ધોરણ ૧૨ અને અન્ય શૈક્ષણિક પરિણામો જાહેર થઈ ગયા છે. મેડિકલ, એન્જિનિયરીંગ, આઈ.ટી.એન્જિનિયરીંગમાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ થવાની તૈયારીઓ ચાલી રહી હોવાથી આ પ્રક્રિયા ચાલુ થાય ત્યારે આર્થિક પછાત બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓને પ્રવેશ માટે ભારત સરકારે કેટલાક નોટિફિકેશન્સ જાહેર કર્યા છે. આ નોટિફીકેશન્સ અંતર્ગત દરેક વિદ્યાર્થીને ૧૦ ટકાનો આર્થિક અનાતમનો ક્વોટાનો લાભ નવી પ્રવેશ પ્રક્રિયામાં મળશે. ત્રણ દિવસ પહેલાં મુખ્યમંત્રી અને શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા પછી રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે. તેમણે ઉમેર્યું કે, કેન્દ્ર સરકારે અમરેલીમાં નવી મેડિકલ કોલેજને મંજૂરી આપી છે. અમેરલીમાં મેડિકલ કોલેજને મંજૂરી મળતા રાજ્યમાં મેડિકલના અભ્યાસક્રમની ૧૫૦ બેઠકોમાં વધારો થશે. હવે રાજ્યમાં મેડિકલની ૫૨૬૪ બેઠકો થશે. મોટાભાગની મેડિકલ કોલેજમાં ૧૫૦ બેઠકોની ક્ષમતા હોય છે. હવે ૧૦ ટકા સવર્ણ અનામત મળતા દરેક મેડિકલ કોલેજમાં આશરે ૩૫ બેઠકોનો વધારો થશે.

**ઈન્ડેક્ષ્ટ-સી, ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ (ગુજરાત સરકારની સંસ્થા)**
બ્લોક નં. ૭/૧, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ઓફીસ : (૦૭૯) ૨૩૨ ૫૬૦૦૫, ફેક્સ : ૨૩૨ ૫૬૦૦૭ Email : exdire-indext-c@gujarat.gov.in
iNDEXT-c
150 YEARS OF CELEBRATING THE MAHATMA

**હાથશાળ-હસ્તકલાના કારીગરોએ મેળામાં ભાગ લેવા બાબત**

ગુજરાત સરકારના કુટિર અને ગ્રામોદ્યોગ ખાતા હેઠળના ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦માં રાજ્યમાં તથા રાજ્ય બહાર વિવિધ સ્થળોએ હાથશાળ - હસ્તકલાના પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓનું આયોજન કરવામાં આવનાર છે. આવા મેળામાં ભાગ લેવા ઈચ્છતા કુટિર અને ગ્રામોદ્યોગ ક્ષેત્રના કારીગર ઓળખકાર્ડ ધરાવતા વ્યક્તિગત કારીગરો / ઓદ્યો.સહ.મંડળીઓ / સંસ્થાઓ / સખી મંડળો / કલસ્ટરો પાસેથી નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

જે કારીગરો હસ્તકલા વિકાસ આયુક્ત (કુઝ હેન્ડીક્રાફ્ટ) દ્વારા આપવામાં આવેલ **'પેહચાન કાર્ડ'** ધરાવતા હશે તે તથા ઈન્ડેક્ષ્ટ-સીનું કારીગર ઓળખકાર્ડ ધરાવતા કારીગરો મેળામાં ભાગ લઈ શકશે. ઔદ્યો.સહ.મંડળી / સંસ્થાએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનું નિયત પ્રમાણપત્ર તથા નોંધણી પ્રમાણપત્ર અરજી પત્રકના તમામ કોલમોમાં વિગતો ભરી રજૂ કરવાનું રહેશે. **અધુરી વિગતવાળુ તથા આધાર પુરાવા વગરનું અરજી પત્રક આપો આપ રદ ગણાશે.**

ઉપર્યુક્ત નિયત અરજી ફોર્મ તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં મેળવવાના થતા પ્રમાણપત્રનો નમૂનો ઈન્ડેક્ષ્ટ-સીની વેબસાઈટ www.craftofgujarat.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી ભરેલું અરજી ફોર્મ **તા. ૧/૭/૨૦૧૯ સુધીમાં** ઉપરોક્ત જણાવેલ સરનામે મોકલી આપવાનું રહેશે. સંભવિત મેળા કેલેન્ડર તેમજ અન્ય માહિતી માટે ઈન્ડેક્ષ્ટ-સીની વેબસાઈટ જોવા અનુરોધ છે.

(પી. જી. પટેલ)
કાર્યવાહક નિયામક
માહિતી/૧૪૧/૧૯-૨૦

**હંગામી/કરાર આધારિત શૈક્ષણિક/વહીવટી સ્ટાફ નિયુક્તિ**
IITE
॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

**ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર**

આઈ.આઈ.ટી.ઈ. ખાતે હંગામી / કરાર આધારિત વિવિધ શૈક્ષણિક જગ્યાઓ માટે આસીસ્ટન્ટ પ્રોફેસર (બી.એસસી. બી.એડ., બી.એ.બી.એડ., એમ.એસસી/એમ.એ.એમ.એડ., અને એમ.એડ. કોર્સ માટે) NCTEના નોર્મ્સ મુજબ નિયુક્તિ કરવાના હોઈ અને એમ.એસ.સી. કોર્સ માટે આસીસ્ટન્ટ પ્રોફેસર નિયુક્તિ કરવાના હોય તદઉપરાંત આઈ.આઈ.ટી.ઈ. ખાતે હંગામી / કરાર આધારિત વહીવટી જગ્યાઓ પર પણ નિયુક્તિ કરવાની થતી હોય સંબંધિત વિષયો અંગેની માહિતી, નિમણુંકની શરતો, અનુભવ, લાયકાત તથા અન્ય વિગતો www.iite.ac.in ઉપર મુકવામાં આવી છે.

ઉપરોક્ત જગ્યાઓ માટે ઉમેદવારે ઓનલાઈન અરજી કરવાની રહેશે. જે અંગેની પ્રોસેસીંગ ફી રૂ. ૫૦૦/- રહેશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા. ૬/૬/૨૦૧૯ છે.

**તારીખ : ૨૮/૫/૨૦૧૯** — **કુલસચિવ**
**સ્થળ : ગાંધીનગર** — **આઈ.આઈ.ટી.ઈ.**
માહિતી/૧૫૫/૧૯-૨૦

**GTS E-Auction જાહેર ખબર**
**સરકારી વાહનોની જાહેર હરાજી**

સરકારી વાહન વ્યવહાર સેવાની કચેરી, સરકારી પ્રેસની લાઈનમાં, રોયલ અનફિલ્ડ શૉ-રૂમની પાસે, સેક્ટર-૩૦, ગાંધીનગરના કન્ડમ કરવામાં આવેલ ૨૩ શેવરોલેટ ઓપ્ટ્રા, ૧૪ ટોયોટા ઈનોવા, ૦૮ ઓપેલ એસ્ટ્રા, ૦૫ મારૂતિ એસ્ટીમ, ૦૨ ફોર્ડ આઈકોન, ૦૧ સીટી હોન્ડા, ૦૧ ટાટા સુમો ગોલ્ડ, ૦૧ ફિયાટ ઉનો મળી કુલ ૫૫ (પંચાવન) બિન-ઉપયોગી સરકારી વાહનોની E-Auction હરાજી તા. ૨૦/૬/૨૦૧૯ના રોજ સવારે ૧૧-૦૦ થી ૧૯-૩૦ કલાક સુધી www.auction.nprocure.com ઉપર રાખવામાં આવેલ છે. સદર હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા વેપારી / પાર્ટી / સંસ્થાઓએ વાહનોની વિગત તથા હરાજીના અન્ય શરતો અને માર્ગદર્શન માટે Manager, Government Transport Service, Gandhinagar, Vehicle e-euction Notice નામની ફાઈલ www.auction.nprocure.comની વેબસાઈટમાં ડાબી બાજુ આવેલ નોટીસ બોર્ડ પરથી ડાઉનલોડ કરી શકાશે. આ ઓનલાઈન હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા વેપારી પાર્ટી / સંસ્થાઓએ Digital Signature મેળવવી ફરજીયાત હોઈ તે મેળવવા માટે (n) Code Solution અમદાવાદની કચેરીના ટેલીફોન નં. ૦૭૯૪૦૦૦૭૩૦૦, ૦૭૯૪૦૦૦૭૩૨૩ પર સંપર્ક કરી શકાશે.

**મેનેજર, સરકારી વાહન વ્યવહાર સેવાની કચેરી, ગાંધીનગર**
માહિતી/૧૩૯/૧૯-૨૦